॥ સ્વામિશ્રીજી ॥

# ચિંતનિકા

**'...આપણે એક કળશ ચઢાઈ દીધો.
હરિભક્તોએ આપેલું કંઈ કેટલું સોનું એમાં વપરાયું...
... તો હવે, એક કળશ ચઢી ગયો રાજા.
બીજા કળશની વાત હવે શરૂ થઈ, આજથી. એમ માનો.
એ કળશ કયો ?
મેં કહ્યું કે - ગુણાતીત ભાવનાવાળા સાધુ થાવ...'**

**'... તમારે એવા સાધુ બનવાનું છે કે જ્યાં મનનો આભાસ પણ ન હોય.
સિદ્ધ હો, સર્વજ્ઞ હો, અષ્ટાંગયોગ હો, સાંખ્ય વિચાર હો, તપસ્વી હો,
કરોડો માણસને કદાચ સત્સંગ કરાવતા હો,
પણ તમે અખંડ બ્રહ્મસ્વરૂપે જાણપણારૂપ યોગથી વર્તી શકશો નહીં...'**

**'... હવે આપણે કળશ ચઢ્યો, એટલે આપણી એક સંસ્થા થઈ.
કોઈ આપણું ધારાધોરણ ખરૂં ?...'**

**'... આ ગુણાતીતજ્ઞાન સમજશો, તો જ ભેદભાવરહિત - વિરોધરહિત,
એ ભૂમિકામાં હવે આજથી આપણે જવાનું છે.
એક કળશ ચઢી ગયો.
હવે આપણી એક ગુણાતીત સમાજની સંસ્થા થઈ ગઈ...'**

**'... એક એવી વસ્તુ બી થઈ શકે કે કોઈને પણ - જરા પણ મૂંઝવણ ન થાય;
એવી રીતની વ્યવસ્થા અમે કરવા ઈચ્છીએ છીએ - મહારાજને રાખીને.
અને એનું એક સૂત્ર છે -
સર્વદેશીયતા અને અખંડ સદ્‌ભાવ ને સુહૃદ્‌ભાવ.
પાંચ મળીને કરો, નહીં તો ત્રણ...'**

- પ.પૂ. કાકાજીના તા. ૨૬ જાન્યુ. ૧૯૮૬ના પ્રવચનમાંથી

# માહાત્મ્ય દર્શન - પ.પૂ. રાજુભાઈ ઠક્કર

| | | |
|---|---|---|
| પૂરું નામ | : | રાજેન્દ્રભાઈ ભગવાનદાસ ઠક્કર |
| હુલામણું / પ્રચલિત નામ | : | રાજુભાઈ |
| જન્મતારીખ | : | ૨૭ નવેંબર, ૧૯૪૮ |
| પિતા | : | પ.ભ. ભગવાનદાસ હરજીવનદાસ ઠક્કર (અ.નિ.) |
| માતા | : | પ.ભ. પુષ્પાબેન |
| મોટા ભાઈ | : | પ.ભ. ભરતભાઈ (મીરારોડ, મુંબઈ) |
| નાના ભાઈ | : | પૂ. ઉમેશભાઈ (વ્રતધારી સાધક - અનુપમ મિશન, મોગરી) |
| | | પ.ભ. ધનેશભાઈ (દહીસર, મુંબઈ) |
| નાના બહેન | : | પૂ. જાગૃતિબેન (વ્રતધારી સાધિકા - ગુણાતીત જ્યોત, વલ્લભ વિદ્યાનગર) |

યુવાન વય, મોહક વ્યક્તિત્ત્વ, ખાનદાન કુટુંબ, તેજસ્વી બુદ્ધિ, માતા-પિતાનો અઢળક પ્રેમ, મિત્રોનું બહોળું વર્તુળ, ફિલ્મોનો શોખ, ખૂબ જ પ્રતિષ્ઠિત એવી સરકારી નોકરી, ધનની છૂટ, ફાજલ સમય, બધી જ પ્રકારની સ્વતંત્રતા, મુંબઈ જેવી અલબેલી નગરી ને અર્વાચીન યુગ - કોઈ પણ યુવાનને વંઠાઈ કે વંકાઈ જવા માટે આ પૂરતી સામગ્રી છે.

આ બધું જ હોય ને તે યુવકના ઘરમાં સત્સંગ પ્રધાન હોય તો વાતાવરણ સારું રહે, સંસ્કારો સચવાય. પણ આવો સત્સંગી યુવાન આ બધી જ ઉપલબ્ધિઓને ગણકાર્યા વગર જગતના મોહમાયાને તરછોડી કર્મયોગી સાધકનો કપરો માર્ગ પસંદ કરે તો નક્કી માનવું કે એ પૂર્વના જ કોઈ જબરજસ્ત મહાન મુક્ત હોય ને સત્પુરૂષની એના ચૈતન્ય ઉપર અનહદ કૃપા વરસી રહી હોય. આજથી ૩૫ વર્ષ પહેલાના એવા તરવરિયા આકર્ષક યુવાન તે આજના સૌના વહાલા તારદેવના સાધક મુક્તરાજ **પૂ. રાજુભાઈ ઠક્કર.**

આમ તો જન્મ જ સત્સંગી કુટુંબમાં અને વળી પિતાશ્રીને બ્ર.સ્વ. શાસ્ત્રીજી મહારાજ, બ્ર.સ્વ. યોગીજી મહારાજ અને બ્ર.સ્વ. કાકાશ્રીનો યોગ. તેથી ઘરમાં અવારનવાર સંતો-હરિભક્તોની અવર જવર રહે અને એ રીતે સત્સંગીઓ પ્રત્યે પ્રીતિ પણ પાંગરતી રહે. વળી પિતાશ્રી સમૈયા, ઉત્સવે યોગીબાપાના દર્શને તેમની આજ્ઞાથી તેમની સાથે તથા પંચતીર્થી વગેરે તીર્થસ્થાનોમાં મંદિરે જતા અને કિશોર વયના રાજુભાઈ પણ તેઓની સાથે જ હોય. મૂળ આકર્ષણ તો હરવા ફરવાનું, સારા કપડાનું ને નવી નવી જગાઓ જોવાનું. પણ હૈયું ધીમે ધીમે સચોટરૂપે યોગી મહારાજ પ્રત્યે ખેંચાતું હતું. જાણે રંગીન સ્વભાવવાળું મન સાધુના ભગવા રંગે રંગાતું હતું. યોગીજી મહારાજ પણ એમના આત્માની ઉત્કટ અભીપ્સાને પિછાણી ગયા હતા અને જાણે એમના ભાવિનો પથ મનોમન એમણે કંડારી લીધો હોય એમ કાકાશ્રીના સમાગમનો જોગ વધતો ગયો. તેઓ ૮મા ધોરણમાં હતા ત્યારે એમના પૂર્વ સંબંધને ઓળખી બાપાએ કહ્યું જ હતું કે ‘મેટ્રિક થાઓ પછી સાધુ બનાવવા છે.’

કાકાશ્રીની તેજસ્વી પ્રતિભા, અપ્રતીમ બુદ્ધિમત્તા, અદ્‌ભુત વાક્છટા અને યોગીબાપા સાથેનો સંબંધ - આ બધાથી રાજુભાઈ આકર્ષાયા વગર કેમ રહે ? એક બાજુ અભ્યાસ પૂરો થયો ને ખૂબ જ પ્રતિષ્ઠિત એવી ઈંગલસ્ટાર જનરલ ઈન્સ્યોરન્સ કંપનીમાં આકર્ષક નોકરી મળી તો બીજી બાજુ તારદેવ કાકાશ્રીના જોગમાં વારંવાર પધારતા પ.પૂ. રમેશભાઈ સોની, પ.પૂ. મહેન્દ્રબાપુ વિ. ભાઈઓ સાથે મિત્રતા વધતી ગઈ.

નોકરીમાંથી દરરોજ સાંજે છૂટી તારદેવ જવાનો ક્રમ પાકો થયો, તેમ કાકાશ્રી પણ તેમને અવારનવાર પોતાની સાથે પધરામણીમાં સેવક તરીકે સાથે આવવા આગ્રહ રાખે ને તેઓ પણ હોંશે હોંશે એ સેવા માટે દોડી આવે. શનિ-રવિ ઓફિસમાં રજા હોય તેથી કાકાજીએ યોજેલ વિશિષ્ટ ભજન, શિબિર વિ.માં રાજુભાઈને અચૂક બોલાવે ને રમેશભાઈ પણ ખૂબ જ હેત કરી એમની બધી પ્રકારની સગવડ સાચવે તેથી ધીરે ધીરે ઘરે ઓછું ને તારદેવ વધુ એમ જીવનની પ્રાથમિકતા બદલાતી ગઈ. એ જ અરસામાં એમના બહેનના જન્મદિન પ્રસંગે કાકાશ્રી તથા ભાઈઓની તેમના ઘરે સાંતાક્રૂઝમાં પધરામણી ગોઠવાઈ. ત્યારે નિમિત્ત તેમના બહેનનું પણ કામ રાજુભાઈનું કરવા જતા હોય તેમ કાકાશ્રી માર્મિક વચન બોલ્યા કે, ‘દેવતા તો પ્રગટેલો છે, આપણે ફક્ત રાખ ઉડાડવા જવાનું છે...’

અને ૧૯૭૧માં ‘એક અઠવાડિયું કોઈ સેવક નથી તો અહીં રહેજો ને અહીંથી ઓફિસ જજો’ એમ કહી કાકાશ્રીએ તારદેવ બોલાવ્યા ને તે અઠવાડિયું સમયની અનંતતાને આંબી આજ પર્યન્ત ચાલુ રહ્યું છે. કેવી શિષ્યની સુરુચિ ને કેવો ગુરુનો અંગત અધિકારનો સંબંધ ?

તારદેવમાં રહી રાજુભાઈ પોતાની સૂઝ અને આવડત પ્રમાણે કાકાશ્રીની અંગત સેવા, મહાપૂજા, તહેવારો કે વિશિષ્ટ પ્રસંગોએ રમેશભાઈ સાથે સુશોભન વિ. સેવા અહોહોભાવે ને ઉત્સાહ પૂર્વક કરતા રહે. વળી સ્વભાવે રમૂજી ને ટીખળી તેથી સાથી મિત્રોને પણ તેમના સહવાસથી આનંદ રહે. આ બધાની સાથોસાથ માહાત્મ્યભરી ઝીણી નજરે કાકાશ્રીના ક્રિયાયોગો તથા તેમના ચૈતન્યના વેપારની લીલાઓને દિવ્યભાવે માણ્યા કરે. કાકાશ્રી પણ જાણે તેમના માનસિક અને આત્મિક સંતુલનની કસોટી કરતા હોય તેમ અવારનવાર વિધવિધ પરિસ્થિતિઓ અને પ્રસંગોમાં પોતાની સાથે રાખે ને રાજુભાઈ પણ અદ્‌ભુત અભીપ્સા, અંતરનું તીવ્ર ભજન ને કાકાશ્રીની વિશિષ્ટ કૃપાના ફળસ્વરૂપે જ દિવ્યભાવના એ બધા જ ચક્રવ્યૂહોમાંથી સફળ રીતે પસાર થતા ગયા ને કાકાજીનો અંતરનો એવો ભરોસો પ્રાપ્ત કરી લીધો કે કાકાજી સહજ વરસી ગયા, **'આ રાજુભાઈ અમારા ઉદ્ધવજી છે !' જેમ ઉદ્ધવને કૃષ્ણની કોઈ ક્રિયામાં સંદેહ નહોતો ને અખંડ દિવ્યભાવ જ હતો અને ખરેખરી આત્માના જ્ઞાનની ઉચ્ચ સ્થિતિ હતી તેવી અવસ્થા ને નિર્દોષબુદ્ધિરૂપી સ્થિતિ રાજુભાઈએ સિદ્ધ કરી લીધી.**

કાકાજીની સાથોસાથ જ પ.પૂ. કાંતિકાકા પ્રત્યે પણ એવો દિવ્ય પિતાતુલ્ય પૂજ્યભાવ રાખી તેઓએ તેમનો પણ રાજીપો મેળવ્યો અને પૂ. મમ્મીબા અને પ.ભ. ઘનશ્યામભાઈ સાથે પણ એવો જ આત્મીયતાનો વિશિષ્ટ સંબંધ દૃઢ કર્યો. તેમજ સહૃદયી સાધક ભાઈઓ પ.પૂ. બાપુ, પ.પૂ. રમેશભાઈ, પ.પૂ. રાજુભાઈ ભટ્ટ, પ.પૂ. હરખચંદભાઈ અને પ.પૂ. અશ્વિનભાઈ સાથે પણ એવો અંતરનો આત્મીય સંબંધ દૃઢ કરી કાકાશ્રીના 'દિવ્ય પંજા'માં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું.

ચુસ્ત સ્વધર્મ પાલન, કોઈપણ કાર્ય કે સેવા હોય તેમાં ચોકસાઈ, ચીવટતા, સમય પાલન અને છતાં સાથીઓ કે સેવકો કાંઈ ભૂલ કરે તો સહિષ્ણુ થઈ ખમી લેવાની તેમની વિશિષ્ટ આવડતથી અનેક પ્રસંગોએ તેમણે અનેક મુક્તોને પોતાની આગવી સૂઝ અને સમજણથી જાળવી ને સાચવી લીધા છે. વળી તેમની મોટી વિશિષ્ટતા તો એ છે કે ક્યાંય એનો કોઈ ધજાગરો નથી કર્યો કે કોઈને પણ એ બાબત કાંઈ જ જાણપણું પણ નથી આપ્યું. દરેક પ્રસંગ કે પરિસ્થિતિને પ્રભુનો પ્રસાદ માની સ્વીકારી લેવાની અને પોતાની અંગત રુચિ કે ફાવટ ન હોય તેવી સેવાને પણ અહોહોભાવે કરી પ્રભુને જ રાજી કરવાની ભક્તિ તેઓ વર્ષોથી છૂપા રહી માહાત્મ્યસભર હૈયે કરી રહ્યા છે.

૧૯૯૩માં કાકાશ્રીના અમૃત મહોત્સવ પ્રસંગે સેવાયજ્ઞમાં હોમાઈ જવા પોતાની ખૂબ જ દૂઝતી નોકરીનો ત્યાગ કરી સેવામાં ઝંપલાવી દીધું ને પોતાની વિરલ ત્યાગભાવના અને સેવાના ઉમંગનું જ્વલંત ઉદાહરણ પૂરું પાડ્યું.

કાકાશ્રી, કાંતિકાકા અને રમેશભાઈના સ્વધામગમન બાદ તેઓશ્રી સાથે જોડાયેલ હરિભક્તોના ખબર અંતર પૂછી તેમના અંગત પ્રશ્નોમાં રસ લઈ, તેઓ માટે ભજન કરી તેમને સાચવી રહ્યા છે. વળી નવા આવનાર ભક્તોને પણ ભગવાન સ્વામિનારાયણ, કાકાશ્રી અને સત્સંગનું માહાત્મ્ય સમજાવી તેમનો સત્સંગનો પાયો સુદૃઢ કરી રહ્યા છે.

છેલ્લા લગભગ એક વર્ષથી પવઈમાં રહીને મહાપૂજા, મુક્તોની સરભરા તથા પૂ. રાજુભાઈ ભટ્ટ અને પ.ભ. ઘનશ્યામભાઈ અમીન સાથે મંદિરના નિર્માણમાં સેવા વિ. વિધવિધ જવાબદારી સંપૂર્ણ નિષ્ઠા અને માહાત્મ્યથી તેઓ અદા કરી રહ્યા છે. વળી પોતે કાકાશ્રીના વિશિષ્ટ રાજીપાવાળા વડીલ અને અનુભવી સાધકમુક્ત હોવા છતાં પણ અન્ય સાથીદારો પ્રત્યે ખૂબ માહાત્મ્ય, મર્યાદા અને પૂજ્યભાવથી વર્તી કાકાશ્રી પ્રત્યેની જાણે વિશિષ્ટ ભક્તિ અદા કરી રહ્યા છે.

**તા. ૨૭મી નવેમ્બરે** તેમના **૫૬ પ્રાગટ્યદિને** તેમના જેવી નિષ્ઠા, નિર્દોષબુદ્ધિ, માહાત્મ્ય આપણા સહુમાં પ્રગટે એ જ ભગવાન સ્વામિનારાયણ, ગુરુહરિ કાકાજી અને સર્વે સાક્ષાત્ ગુણાતીત સ્વરૂપોને ચરણે પ્રાર્થના કરીએ.

# માહાત્મ્ય દર્શન - પ.પૂ. હરખચંદભાઈ

‘‘આવ્યો હતો ફક્ત બે જ કલાક માટે પણ રોકાઈ ગયો બે દિવસ માટે, કારણ આ રૂમ એવી સરસ છે કે, મને એમ થયું કે હવે અહીં જ રહી જાઉં.’’ આ ઉદ્‌ગાર છે, **બ્ર.સ્વ. હરિપ્રસાદસ્વામીજીના !** ઈ.સ. ૧૯૯૭માં પ.પૂ. કાંતિકાકાના અમૃત મહોત્સવ - બંધુમૈત્રી મહોત્સવના આયોજન માટે સાધક ભાઈઓને માર્ગદર્શન આપવા અને સમૈયાના કાર્યક્રમની રૂપરેખા નક્કી કરવા પ.પૂ. સ્વામીજી ખાસ પવઈ પધાર્યા હતા. કાર્યક્રમ કર્યો હતો ફક્ત બે-ત્રણ કલાક પૂરતો જ. બધા ભાઈઓ સાથે મીટીંગ કરી ઠાકોરજીનાં દર્શન કરી તરત જ વિદાય લઈ માથેરાન જવાનો કાર્યક્રમ નક્કી થઈ ચૂક્યો હતો, પણ પ.પૂ. સ્વામીજીના એ બે-ત્રણ કલાકના રોકાણ માટે પણ **પૂ. હરખચંદભાઈએ** પોતે પવઈમાં જે રૂમમાં રહેતા હતા તેમાં એવી તો સુંદર ગોઠવણ કરી હતી કે સ્વામીજીએ સામેથી જ માથેરાન જવાને બદલે પવઈ જ રોકાઈ જવાનો પ્રસ્તાવ મૂક્યો. કારણ એ રૂમમાં પૂ. હરખચંદભાઈએ પ.પૂ. સ્વામીજીની સાનુકૂળતાને અનુરૂપ ફક્ત સ્થૂળ ગોઠવણી જ નહોતી કરી પરંતુ પોતાના અંતરના ઉમળકા અને ભક્તિની એવી તો ગૂંથણી કરી કે, ભક્તવત્સલ સત્પુરૂષ એ સ્નેહના તાણાવાણામાં સ્વયં સામેથી સહર્ષ બંધાયા.

આમ જોવા જઈએ તો ૧૫ X ૯ ના એ રૂમમાં જાજરમાન ને ભવ્ય લાગે એવું વિશેષ કોઈ જ રાચરચીલું ન હતું. ફક્ત એક પલંગ, એક કબાટ, એક નાનું ટેબલ, રૂમને અડીને બાથરૂમ અને બારીમાં મચ્છર ન આવે એ માટેની જાળી... આથી વિશેષ સ્થૂળ સામાન કંઈ જ નહીં. પણ સ્વામીજી પધારવાના છે તો કેમ કરીને ૨-૩ કલાક પૂરતી પણ એમની સારામાં સારી સગવડ સચવાય એ માટે આગલો આખો દિવસ હરખચંદભાઈએ આખો રૂમ, તેનું રાચરચીલું, જોડેનો બાથરૂમ વગેરે સ્વયં સાફ કર્યાં હતાં. બાથરૂમ તો એવો ચોખ્ખો કર્યો હતો કે કોઈ મોટા ફ્લેટના ભવ્ય શયનખંડ જેવો એવો એ સુઘડ લાગે ! એ આવડતમાં, ચીવટાઈમાં ભક્તિની ચિકાશ ભળે તો પછી સત્પુરૂષ ત્યાં ન બંધાય તો જ આશ્ચર્ય થાય ! અનંત બ્રહ્માંડોની સુખસમૃદ્ધિ, સગવડો કે સમૃદ્ધિ જેને મન કાકવિષ્ટા તુલ્ય હોય એવા ગુણાતીત સત્પુરૂષ આટલી નાનકડી રૂમમાં સતત બે દિવસ સુધી રહેવા સામેથી તત્પર થાય તો એનું રહસ્ય રૂમની સગવડ નહીં પરંતુ એ રૂમને સજાવનાર ભક્તના હૃદયનો ભક્તિનો સાજ અનેરો હશે એવું સહજ જ માની શકાય ને ! સ્વામીજી બે દિવસ એ રૂમમાં બિરાજ્યા ને હરખચંદભાઈ સ્વામીજીના હૃદયમાં ! દિલ નીચોવીને ઓરડાને તૈયાર કરેલ એ ભક્તના દિલદાર હૃદયના ધબકારને સ્વામીજીએ આવો અદ્‌ભુત પ્રતિસાદ આપ્યો !

મુંબઈના લબ્ધ પ્રતિષ્ઠિત કચ્છી કુટુંબના એ નબીરા. કપડાં, સાધનો, પ્રસાધનો, ઉત્તમ કક્ષાનાં જ વાપરવા ટેવાયેલા કોઈ રાજવી કુટુંબના પાટવીકુંવર હોય એવું મોહક વ્યક્તિત્વ ને જીવનશૈલી રાખનાર હરખચંદભાઈ યુવાન વયે સંજોગવશાત્ કુટુંબથી છૂટા પડ્યા. નાની મોટી નોકરીઓ કરી. તે વખતે સત્સંગનો જોગ નહીં પરંતુ એક સત્સંગી દીકરી સાથેના લગ્નના પ્રસ્તાવ નિમિત્તે ઈ.સ. ૧૯૬૬માં **બ્ર.સ્વ. કાકાજી**ના જોગમાં આવ્યા ને જાણે તે ક્ષણથી જ એમની આંતરિક અમીરીને ભક્તિનો ઓપ આપવાની ઝીણી કારીગરી કાકાજીએ શરૂ કરી દીધી. સંજોગો ઝડપભેર બદલવા માંડ્યા. લીલા તોરણે લગભગ લગ્નના મંડપેથી પાછા ફરી કાકાજીના ભક્તિમંડપના ભગવા દ્વારે આવી પહોંચ્યા અને કાકાજીએ પણ જાણે એ ક્ષણની જ રાહ જોતા હોય તેમ એમને ઉમળકાભેર વધાવી લીધા. તારદેવ મંદિરે પ.પૂ. રમેશભાઈ સાથે જાણે પૂર્વના આત્મસખા હોય એવી મૈત્રીથી તેઓ ઓતપ્રોત થઈ ગયા ને હરખચંદનો આતમરથ હરખભેર અને ઝડપભેર કાકાજીના સાનિધ્યમાં ભક્તિમાર્ગે પૂરપાટ દોડવા લાગ્યો.

જેવા ખાવામાં શોખીન એથી વધુ ખવડાવવાના શોખીન ! ને એથીય વધુ રસોઈ બનાવવામાં પ્રવીણ ! ચહામાં પણ એવી ચાહના ને ભક્તિ ઘૂંટાય કે પીનાર ચહાની સાથે જ એમની ચાહના પણ પીવા લાગે ! નાનામાં નાની ચીજથી મોટા પદાર્થ સુધી દરેક સર્વોત્કૃષ્ટ ચીજ પર જ એમની પસંદગી ઊતરે અને પ્રત્યક્ષ ગુરુહરિ ને ભક્તો માટે તે વાપરી પોતાની આતમની અમીરીને ભક્તિનો ઓપ આપી હૃદયનો અર્ઘ્ય કરે. એક જ દ્દષ્ટાંત પર્યાપ્ત છે. સત્સંગના આત્મીય સ્વજન પ.ભ. મલ્કાની સાહેબ વરસો પહેલા એકવાર મુંબઈ પધાર્યા હતા. પંચતારક હોટેલમાં ઉતારો હતો. એક સવારે તારદેવ મંદિરે ભાઈઓએ ચહા-નાસ્તાનો કાર્યક્રમ ગોઠવ્યો. પૂ. હરખચંદભાઈએ એવી તો સુંદર ચહા બનાવી અને મગ-મમરા જમાડ્યા કે પ.ભ. મલ્કાની સાહેબને પંચતારક હોટેલના વૈવિધ્યપૂર્ણ નાસ્તા ને સરભરા પણ ફીક્કા લાગ્યાં. તે દિવસથી

આજ સુધી એ ક્રમ અકબંધ રહ્યો છે. સમગ્ર સત્સંગમાં તારદેવ મંદિરના મગ અને મમરા જે પ્રતિષ્ઠા પામ્યા છે તેનું રહસ્ય તેનો સ્વાદ જ નહીં, પણ તેમાં રહેલ ભક્તિના આસ્વાદને વધુ આભારી છે !

કાકાજીના વચને ને તેમની પ્રસન્નતાર્થે પોતાનો એક દિવસનો ખર્ચો હોય તેટલો આખા મહિનાનો પગાર મળે તેવી નોકરીમાં પણ જોડાયા. તેમ છતાંય હૈયાની વિશાળતા ને અંતરની અમીરી તો એવાં જ અકબંધ રહ્યાં ! તારદેવ સાધક ભાઈઓ સાથે રહ્યા, **'મોટાભાઈ'** નું લાડકું ઉપનામ પામ્યા છતાંય તે સર્વ પ્રત્યે સેવક ભાવમાં જરાય ઓટ ન આવી. અનેક શારીરિક તકલીફોને લઈને અને તારદેવ મંદિરે મોડે સુધી ચાલતી પ્રવૃત્તિઓને કારણે ઘણી વખત એકધારા ઉજાગરા થાય, પૂરતો આરામ મળે જ નહીં, સેવાભક્તિનો ભીડો સતત ખમવાનો જ હોય. ભોજનમાં પણ એમની પ્રકૃતિને અનુસાર સગવડતા ન સચવાય તો પણ એ બધી જ પ્રતિકૂળતાઓને સાધના માર્ગનાં સોપાન ગણી તેમણે હસતે ચહેરે વધાવી લીધી, કાકાજી પ્રત્યે અપ્રતીમ નિર્દોષબુદ્ધિ ને ભક્તોમાં દિવ્યતાનો સંબંધ દૃઢ કરી લીધો. પરિણામે કાકાજીનો રાજીપો તો મેળવી જ લીધો, પણ સાથોસાથ પ.પૂ. કાંતિકાકા, પૂ. ગોરધનકાકા, પૂ. પોપટભાઈ, પૂ. ગોરધનભાઈ કાપડિયા, પૂ. જાદવજીભાઈ વિગેરે વડીલ મુક્તોના અંતરની પણ પ્રસન્નતા પામ્યા. રસોડાની એકધારા ભીડાની સેવાની સાથોસાથ મહેમાનોની સરભરા, રાખરખાવટ ને સંજોગવશાત બીમાર હરિભક્તોની સારવાર પણ હંમેશાં એવી રીતે કરે કે હરખચંદભાઈ માટે 'ઉત્કૃષ્ટ', 'BEST' એ શબ્દો એમના વ્યક્તિત્વનો, એમની સેવારીતિનો પર્યાય બની રહ્યા, એમની આગવી પિછાણ બની ગયા.

કાકાજી અને કાંતિકાકાના સ્વધામગમન બાદ પવઈ કેન્દ્રની પ્રવૃત્તિ પર વિશેષ ધ્યાન આપવા ૧૯૮૮માં પવઈ રહેવા આવ્યા. ત્યાં પણ અવારનવાર શિબિર, સમૈયાઓ ને છેલ્લા ૨-૩ વર્ષમાં તો મંદિરના બાંધકામ નિમિત્તે એકસરખી પ્રતિકૂળતાઓ વચ્ચે જ રહેવાનું થાય, મશીનોનો ઘોંઘાટ, ધૂળનું પ્રદૂષણ, અવ્યવસ્થા, મોડી રાત સુધીની પ્રવૃત્તિઓ વિ. પોતાની પ્રકૃતિથી તદ્દન વિરૂદ્ધ હોવા છતાં તેઓએ સદાય હસતું જ મોઢું રાખ્યું છે. પવઈ મૂર્તિપ્રતિષ્ઠા પછી પણ ઠાકોરજીની મૂર્તિઓની સાંપ્રદાયિક રીતે વિધિસર જે સેવા થવી જોઈએ તે માટે વહેલી સવારે ૪.૩૦ વાગ્યે ઊઠી મંદિરના ગર્ભગૃહની સફાઈ, મૂર્તિઓની સેવા એકધારી નિયમિતતાથી ને ભક્તિસભર હૈયે કર્યા જ કરે છે. સર્વ ભાઈઓમાં સૌથી વધુ વય હોવા છતાં જુવાનને પણ શરમાવે એવી સ્ફૂર્તિ ને તરવરાટથી જ્યારે એમને સેવા કરતા નિહાળીએ ત્યારે કેવળ એમની શ્રદ્ધાને જ નહીં પરંતુ કાકાજીની અનુપમ સર્જનકલાને પણ અંતરથી ધન્યવાદ આપી દેવાય છે. પ્રભુ અને ભગવત્ સ્વરૂપ સંતને રાજી કરવાની એક સુરૂચિ જ કેવું ચમત્કારી ને અદ્ભૂત પરિણામ લાવી શકે તે માટે હરખચંદભાઈનું જીવન જવલંત અને બેનમૂન ઉદાહરણ છે.

**તા. ૨૯ ડિસેમ્બરે** તેમના **૬૫મા પ્રાગટ્યદિને** તેમના તથા સર્વે ગુણાતીત પુરુષોના ચરણે એ જ પ્રાર્થના વહાવીએ કે આપણા સહુમાં તેમના જેવી સત્પુરુષ અને ભક્તો પ્રત્યેની પ્રીતિ, ભક્તિ, કાર્ય કુશળતા, હૈયાની વિશાળતા, ખાનદાની ને સેવાની શ્રદ્ધા ઉત્તરોત્તર વૃદ્ધિ પામે અને ગુણાતીત પુરુષોના અંતરનો ભરોસો પ્રાપ્ત કરી શકીએ.